# જ્ઞાન ને વંદો , જ્ઞાન મ નિંદો

1 રોજની 700 ગાથા કંઠસ્થ કરનાર કોણ હતું ? - દુર્બલિકા પુષ્પમિત્ર

2 રોજની 1000 ગાથા કંઠસ્થ કરનાર કોણ હતું ? - શ્રી બપ્પભદ્રસૂરીશ્વરજી મહારાજા

3 લીંબુ ઉછાળીને નીચે પડે તેમાં નવા (9) શ્લોક કોણ બનાવતું ? - શ્રી હૈમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

4 1 સોપારી ઉછાળીને નીચે પડે તેમાં નવા (7) શ્લોક કોણ બનાવતું?-મહો.શ્રી યશોવિજયજી મહારાજા

5 ગોખતા ગોખતા કોણે કેવલજ્ઞાન થયું ? - શ્રી માસતુષમુનિને

6 જ્ઞાનની આરાધના થી કયા કુમારનું મુર્ખપણું ચાલ્યું ગયું ? - શ્રી વરદત્તકુમાર

7 ઘોડીયામાં અગ્યાર અંગ કોણ ભણ્યા હતાં ? - શ્રી વજ્રકુમાર

8 50 વર્ષની ઉમરે કયા રાજા કઠીન એવું વ્યાકરણ ભણ્યાં ? - શ્રી કુમારપાળ રાજા

9 સૌથી પ્રાચીન જ્ઞાનભંડાર કયા તીર્થમાં છે ? - જેસલમેર

10 1444 ગ્રંથ રચનાર કયા સૂરીજી ? - શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા

11 માતાની ઈચ્છાથી દૃષ્ટિવાદ ભણવા કોણ મુનિ બન્યાં ? - શ્રી આર્યરક્ષિત

12 જ્ઞાનની આરાધના કયા દિવસથી શરુ કરવી જાઈએ ? - કારતક સુદ પાંચમ

13 માતાની સમાધિ માટે ૩ાા ક્રોડ શ્લોકની રચના કોણે કરી ? - શ્રી હૈમચંદ્રસૂરીશ્વરજી

14 21 વખત દિક્ષા છોડવાનો વિચાર કરનાર સિદ્ધર્ષિ કઈ ટીકાથી સ્થિર બન્યા ? – લલિતવિસ્તરા

15 જ્ઞાનની આરાધના કેટલા મહિના સુધી કરવાની હોય ? - 65(5વર્ષ -5માસ)

16 જ્ઞાન વિનાના મનુષ્યને શેના સમાન કહ્યા છે ? - પશુ

17 સિદ્ધર્ષિગણિએ કયા અદભુત વૈરાગ્યસભર ગ્રંથની રચના કરી ? - ઉપમિતી ભવ પ્રપંચ

18 કયા શ્રાવકે કિંમતી રત્નો ઉપાશ્રયમાં લગાડી શ્રુતભક્તિ કરી હતી ? - લલ્લિંગ શ્રાવક

19 જ્ઞાનાવરણીય કર્મ કેવી રીતે બંધાય ? – જ્ઞાન ,જ્ઞાની ,ગુરૂ , જ્ઞાનના ઉપકરણોની આશાતના કરવાથી તેમજ અક્ષરવાળા કપડા , ઘડિયાળ વિગેરે પહેરવાથી , ખાતા - ખાતા બોલવાથી , અક્ષરવાળી ચીજ ખાવાથી , છાપા પર ખાવાથી

20 જ્ઞાન - જ્ઞાનાની આશાતના કરીને બાંધેલા કર્મથી શું થાય ? –મંદબુદ્ધિ , પાગલપણું , બહેરા , મુંગા , આંધળાપણું મળે

21 જ્ઞાનના કેટલા અતિચાર ન લાગે તેનો ખ્યાલ રાખવો જોઈએ ? - આઠ

22 જ્ઞાનના કુલ ભેદ કેટલા ? - 51(28+14+6+2+1)

23 કયુ અવધિજ્ઞાન ચક્ષુની પેઠે સાથે રહે ? – અનુગામી

24 મનના વિચારોને વિશેષ રીતે જણાવનારૂં કયુ મન:પર્યવજ્ઞાન છે ? - વિપુલમતિ

www.jainEworld.com